પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.
પોલીસ ભવન, અઠવાલાઇન્સ, સુરત શહેર-૩૯૫૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૧ ૨૨૪૧૧૧૦
કંટ્રોલ રૂમ ફેકસ નં. ૦૨૬૧ ૨૨૪૧૩૦૪
e-mail : special.cp.sur@gmail

# -: જાહેરનામું :-

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩(૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયેનું જાહેરનામું

**ક્રમાંક:એસ.બી./ટ્રાફીક- ઓટો રીક્ષા-ટેક્ષી કેબ / ૧૩ /૨૦૨૩**

સુરત શહેરમાં કેટલાક રિક્ષા/ટેક્ષી કેબના માલિકો પોતાની રીક્ષાઓ/ટેક્ષી કેબ ચલાવવા માટે જ્યારે ભાડેથી આપે છે ત્યારે ભાડે રાખનાર ઇસમની વ્યક્તિગત કાયમી ઓળખાણ કે તે ડ્રાઇવીંગ લાયસન્સ અને બેઝ ધરાવે છે કે કેમ ? તેની ખરાઇ, તેના ચારિત્ર્યની ખરાઇ કર્યા વિના તેમજ ક્યા દિવસે કોને રીક્ષા/ટેક્ષી કેબ ભાડે આપેલ ? તેનું રેકર્ડ જાળવ્યા વિના પોતાની રીક્ષાઓ/ટેક્ષી કેબ અજાણ્યા ડ્રાઇવરોને ભરોસા આધારે રીક્ષા/ટેક્ષી કેબ ભાડે આપવાનો ધંધો કરે છે.

આ સ્થિતિનો ગેરલાભ લઈ ગુનાહીત માનસ ધરાવતા ઇસમો કે જેઓની પાસે ડ્રાઇવીંગ લાયસન્સ અને રિક્ષા/ટેક્ષી કેબ ચાલક બેઝ 'ન' હોય, તેમજ ભાંગફોડ કે ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ હોય, તેવા અજાણ્યા ઇસમો જાહેર-વ્યવસ્થા કે મુસાફરની સલામતીને સ્પર્શતા ગંભીર પ્રકારના ગુનાઓને અંજામ આપી શકે છે. આ પ્રકારની રિક્ષાઓ/ટેક્ષી કેબ ભાડે મેળવી ગુનેગાર-તત્વો દ્વારા તેનો શટલ રિક્ષા/ટેક્ષી કેબ તરીકે ઉપયોગ કરી મુસાફરને ગંભીર ઇજા સાથે લૂંટી કે કાવતરાના ભાગરૂપે શટલ સ્વરૂપે રિક્ષા/ટેક્ષી કેબ ચલાવતી વખતે રીક્ષા/ટેક્ષી કેબમાં ચાલક સિવાયના સહમતદારો મુસાફરના સ્વાંગમાં અગાઉથી બેસી વાહનમાં વધારે પેસેન્જર સ્વરૂપે ભીડ ઉભી કરી નિર્દોષ મુસાફરના સામાનમાંથી કે અંગ પરથી કીમતી દાગીના તેમજ રોકડની ચોરી કરી, તેમજ ભરોસો કેળવી કેફી પદાર્થ પીવડાવી દઈ લૂંટી લેવો વિગેરે પ્રકારના ગુના આચરતાનું રેકર્ડ પર નોંધાયેલ છે. આ પ્રકારે સરળતાથી ઉપલબ્ધ થતાં વાહનોનો ઉપયોગ કેફી દ્રવ્યો, દારૂની હેરાફેરી કે સુગઠીત ગુનાખોરી માટે પણ થઇ શકે છે. ગુનાહિત માનસ ધરાવનાર ઈસમો કે સુગઠીત ગુનાખોરી આચરનાર આ પ્રકારે રીક્ષાઓ/ટેક્ષી કેબ ભાડે આપનારનો સાધારણ વિશ્વાસ કેળવી કે પોતાની ઓળખ માટેનું ખોટું રેકર્ડ ઉભુ કરી રીક્ષા/ટેક્ષી કેબ ભાડે મેળવી ત્રાસવાદી કે ભાંગફોડની ગતિવિધી માટે વિસ્તારનો સર્વે કરી, આજ વાહનમાં સ્ફોટક-પદાર્થોની હેરાફેરી કરી ભીડવાળાં વિસ્તાર સહિત કોઇપણ સ્થળે સ્ફોટક પદાર્થ મુકી ગંભીર પ્રકારના આતંકી હુમલાને પણ આખરી સ્વરૂપ આપી શકે છે. આ શક્યતા ધ્યાનમાં લઇ આ રીતે રીક્ષા/ટેક્ષી કેબ ભાડે આપવાની પ્રવૃત્તિ પર વ્યાજબી નિયંત્રણ મૂકવા જાહેર સલામતીની દ્રષ્ટીએ અતિ આવશ્યક જણાય છે.

આ પ્રકારના ગુનાઓથી આમ-જનતા અને મુસાફરોમાં ભય,ત્રાસ અને અસલામતીની ભાવના પેદા થાય છે. પોલીસ દ્વારા આ પ્રકારના ગુના શોધવા આ પ્રકારના વાહન ચાલકો સામે પગલા લેવામાં આવતા હોવા છતા આ પ્રવૃત્તિનો વ્યાપ વધારે હોઇ સામાન્ય અટકાયતી પગલાં ઉપરાંત નિવારાત્મક વિશિષ્ટ કાર્યવાહીની જરૂરીયાત જણાય છે.

વળી, હાલમાં શહેરના માર્ગો પર મુખ્ય અડચણોના કારણોમાં ભાડે રિક્ષા/ટેક્ષી કેબ મેળવી તેનો શટલ રીક્ષા/ટેક્ષી કેબ રૂપે ઉપયોગ કરી આવા ચાલકોની રોડ પર મનસ્વી રીતે અડચણ કે અવરોધરૂપ વર્તણૂંક મુખ્ય જણાઇ છે. તદઉપરાંત, આ પ્રકારના ભાડાના વાહનો ચલાવનાર પોતે લાયસન્સ ધરાવતા 'ન' હોવાથી અકસ્માત કરી ભોગ બનનાર મુસાફર કે રાહદારીની દરકાર ર્ક્યા વિના નાસી જવાની મનોવૃત્તિ ધરાવે છે. વાહનની ભીડ, સ્થળ પર ઉપસ્થિત સાહેદો કે રાહદારીની ઉપેક્ષા વૃત્તિ અને દરેક સ્થળે પોલીસની હાજરી 'ન' હોવાની સ્થિતિનો લાભ લઇ નાસી જવામાં સફળ રહેતા હોય છે. જેનાથી કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો પણ ઉભા થઇ શકે છે. આવા ભાડે આપવા માટે રાખેલ વાહનના માલીકો પાસે તેને પાર્ક કરવા માટેની જગ્યા પણ હોતી નથી અને તેથી આ વાહનો જાહેર માર્ગ પર પાર્ક થવાને લીધે ટ્રાફીકમાં અવરોધ સાથે જાહેર વ્યવસ્થા પણ ખોરવાય છે. આમ આ સમગ્ર બાબત ધ્યાન પર લઇ સુરત શહેર વિસ્તારમાં ભાડે આપવામાં આવતી ઓટો રીક્ષા/ટેક્ષી કેબ કાયદાની જોગવાઇથી નિયત કરવા ઉપરાંત તે અંગે વ્યાજબી નિયંત્રણો મૂકવા જરૂરી સમજુ છું.

વાસ્તે, હું અજયકુમાર તોમર (આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર, **ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩(૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪** અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, સુરત શહેરની હદમાં ઓટો રીક્ષા/ટેક્ષી કેબના માલિકોએ પોતાનું વાહન ભાડે આપતી વખતે ભાડે આપનાર વ્યક્તિઓની સંપૂર્ણ માહિતી નીચે દર્શાવેલ શરતોનું સંપૂર્ણ પાલન કર્યા વિના કોઇપણ વ્યક્તિને કોઇપણ સ્વરૂપે ઓટોરિક્ષા/ટેક્ષી કેબ વાહન ભાડે આપી શકશે નહી.

:: **હુકમ** ::

(૧) ઓટો રિક્ષા/ટેક્ષી કેબ ભાડે આપનાર વ્યક્તિએ પોતાની ઓટોરિક્ષા/ટેક્ષી કેબ ભાડે લેનાર વ્યક્તિના ફોટો તથા ઓળખપત્ર (આઇ.ડી. પ્રૂફ) સાથેની સંપૂર્ણ વિગત મેળવ્યા પછી અને વાહન ભાડે લેનારના ચારિત્ર્યની ખરાઇ કરાવ્યા પછી જ તેને વાહન ભાડે આપી શકશે. રિક્ષા/ટેક્ષી કેબ ભાડે આપનાર માલિક જ્યારે ભાડે આપે ત્યારે વાહન માલિકે જ્યાં રહેતા હોય, ત્યાંના સ્થાનિક પોલીસ સ્ટેશનને નીચે જણાવેલ ફોરમેટ મુજબની લેખિત વિગતવારની માહીતી જે-તે સ્થાનિક પોલીસ સ્ટેશનને આપવાની રહેશે. આ જ ફોર્મેટ મુજબનું એક રજિસ્ટર ઓટો રિક્ષા / ટેક્ષી કેબના માલિકે પોતાની ઓટો રિક્ષા / ટેક્ષી કેબમાં જ તમામ વિગતો અદ્યતન રાખી પો.સ્ટે. અમલદારશ્રીના સહી સિક્કા કરાવી રાખવાનુ રહેશે અને કોઇ પણ પોલીસ અધિકારી / કર્મચારી દ્વારા માંગવામાં આવે ત્યારે રજુ કરવાનુ રહેશે.

| અ.નં. | ઓટોરિક્ષા/ટેક્ષી કેબ માલિકનું નામ અને સરનામું | ઓટો રિક્ષા/ટેક્ષી કેબ ભાડે આપ્યા તારીખ | ઓટો રિક્ષા/ટેક્ષી કેબ ચલાવનાર (ડ્રાઇવર)નુ નામ, સરનામું (ઓળખ પ્રસ્થાપિત કરતા દસ્તાવેજની નકલ ફાઈલમાં જાળવવાની રહેશે) | ડ્રાઇવરનો તાજો ફોટો, લાયસન્સ, બેઝ ની વિગત | થાણા અમલદારની સહી તથા સિક્કો |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

(૨) આ પ્રકારે ઓટો રિક્ષા/ટેક્ષી કેબનાં માલિકે વાહનમાં પેસેન્જર બેસવાની જગ્યાથી નજર સામે સ્પષ્ટ દેખાય તે રીતે રિક્ષા/ટેક્ષી કેબ ની અંદરના ભાગે ૧૬ ઇંચ × ૧૨ ઇંચની સાઇઝનાં બોર્ડમાં રિક્ષા/ટેક્ષી કેબનો રજીસ્ટ્રેશન નંબર અંગ્રેજી ભાષામાં ફરજીયાત લખાવી લગાવવાનું રહેશે. જે રજીસ્ટ્રેશન નંબરના દરેક ફોન્ટની સાઇઝ ૫૦×૧૫ m.m. (મીલીમીટર) ની રાખવાની રહેશે અને રજીસ્ટ્રેશન નંબર વચ્ચેની જગ્યા (સ્પેશ) ૮ m.m. (મીલીમીટર) ની રાખવાની રહેશે.

(૩) આ પ્રકારે ઓટો રિક્ષા/ટેક્ષી કેબ ભાડે આપનાર માલિકે પોતે જાળવેલ રજીસ્ટરનો ઉતારો દર મહીનાની પાંચ તારીખ સુધીમાં સ્થાનિક પોલીસ સ્ટેશન મારફતે ટ્રાફીક શાખા ની કચેરીને મોકલવાનો રહેશે.

**:: અમલવારીનો સમય ::**

સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં **તા. ૨૨/૦૧/૨૦૨૩ ના ક.૦૦/૦૦ થી તા.૨૨/૦૩/૨૦૨૩ ના ક.૨૪/૦૦**સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ ૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**:: જાહેર વિજ્ઞપ્તિ ::**

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય 'ન' હોવાથી આથી હું આ એક તરફથી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાન પત્ર, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધ દ્વારા તથા પોલીસ સ્ટેશનના સીનીયર પોલીસ ઇન્સપેક્ટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર

તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીસ બોર્ડ ઉપર તેમજ વેબસાઇટ ઉપર હુકમની નકલ ચોંટાડી/મૂકી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ પી.આર.ઓ. કચેરી મારફતે પણ પ્રસિદ્ધ કરવામાં આવે છે. ગુજરાત પોલીસ એક્ટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૨૦/૦૧/૨૦૨૩ નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર એસ.બી. સુરત શહેર

(અજયકુમાર તોમર)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

પ્રતિ,

(૧) અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૧,૨ સુરત શહેર.
(૨) અધિક પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફિક એન્ડ ક્રાઇમ સુરત શહેર.
(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ,સુરત શહેર.
(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, તમામ સુરત શહેર.
(૫) તમામ પો.સ્ટે.ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર.(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૬) તમામ શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર.
(૭) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર(તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી)

<u>સવિનય નકલ રવાના</u> :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઇન્ટે.) સુરત રીજીયન, સુરત
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭). વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.( નાનપુરા બહુમાળી સુરત)
(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. (જીલ્લા સેવા સદન અઠવાલાઇન્સ સુરત)
(૧૯) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત. (સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.)